# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૧/૨૦૨૫/2308 તા. ૨૫/૦૩/૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાયમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ
સુરત.જિ.સુરત

વિષય:- માન.વડાપ્રધાનશ્રીના સંદેશને પરીક્ષા પર્વ તરીકે ઉજવવા બાબત.
સંદર્ભ:- ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ,ગાંધીનગરનો તા.૨૪/૦૩/૨૦૨૫નો પત્ર અન્વયે.

આ સાથે સામેલ ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ,ગાંધીનગરનો તા.૨૪/૦૩/૨૦૨૫ પત્ર અન્વયે માનનીય વડાપ્રધાનશ્રીના મિશન: મનકી બાત સંદર્ભે પરીક્ષા પે ચર્ચા અંગે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ માટે સમગ્ર દેશમાં લાઇવ વર્ચ્યુઅલ માધ્યમથી પ્રસારણ કરવામાં આવેલ જેના સદર્ભે આગામી સમયમાં ધોરણ-૯ અને ધોરણ-૧૧ની પરીક્ષાઓ તેમજ પ્રાથમિક વિભાગમાં ધોરણ ૩ થી ૮ માં પરીક્ષાઓ યોજવા જઇ રહી છે,ત્યારે પુન: વડાપ્રધાનશ્રીના આ સંદેશને પરીક્ષા પર્વ તરીકે ઉજવવામાં આવે અને પરીક્ષાર્થી વિદ્યાર્થીઓ પોતાના શોર્ટ વિડીયો બનાવી સામેલ પરિપત્રમાં જણાવેલ લિન્ક પર અપલોડ કરવા તમામ શાળાઓને અમલ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

# ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ, ગાંધીનગર

Power Conferred under Section (13) (1), (14), (15)
The Commissions for Protection of Child Rights Act, 2005

Ref: 'Celebrating Exams' as part of Pariksha Parv 7.0.

Date: 24/03/2025

પ્રતિશ્રી,
જીલ્લા જિલ્લા શિક્ષણાધિકારી, (તમામ)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, (તમામ)
શાસનાધિકારી, (તમામ)
ગુજરાત.

વિષય : માન. વડાપ્રધાનશ્રીના સંદેશને પરીક્ષા પર્વ તરીકે ઉજવવા બાબત.

માન. વડાપ્રધાનશ્રીનું મિશન: મનકી બાત સંદર્ભે પરીક્ષા પે ચર્ચા અંગે પરીક્ષા પર્વની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાન શ્રીનો સંદેશ તરફથી ધોરણ 10 અને ધોરણ 12 ના વિદ્યાર્થીઓ માટે સમગ્ર દેશમાં લાઈવ વર્ચ્યુઅલ માધ્યમથી પ્રસારણ કરવામાં આવેલ છે. જેના સંદર્ભે આગામી સમયમાં ધોરણ-9 અને ધોરણ-11ની પરીક્ષાઓ તેમજ પ્રાથમિક વિભાગ માં ધોરણ -3 થી 8 માં પરીક્ષાઓ યોજવા જઈ રહી છે, ત્યારે પુન: વડાપ્રધાનશ્રીના આ સંદેશને પરીક્ષા પર્વ તરીકે ઉજવવામાં આવે અને પરીક્ષાર્થી વિદ્યાર્થીઓ પોતાના શોર્ટ વિડીયો બનાવી નીચે આપેલી લિન્ક પર અપલોડ કરવામાં આવે તેવી સૂચના / પરિપત્ર આપની કક્ષાએથી આપના તાબાની શાળાઓને કરવા આથી જણાવવામાં આવે છે.

નીચે આપેલી લિન્ક ઓપન કરી પરીક્ષાર્થી બાળકો પાસે ફોર્મ ભરાવવાના છે અને તેજ લિન્કમાં પરીક્ષાર્થી બોલતા હોય તેવા વિડીયો અપલોડ કરવાના રહેશે.

- NCPCR is inviting video messages from students on the theme of 'Celebrating Exams' as part of Pariksha Parv 7.0. Students can submit their videos with the consent of their parents/guardians through the link provided below:

**https://parikshaparv.co.in/**

ઉ.દા તરીકે:

1. મને પરીક્ષાનો કોઈ ડર નથી.
2. મને મારા માતા પિતા તરફ થી કોઈ દબાણ નથી.
3. હું મુક્ત મને પરીક્ષા આપીશ.
4. માન. પ્રધાનમંત્રીશ્રીનો સંદેશ "મનકી બાત" કાર્યક્રમ મને ખૂબ ગમ્યો.
5. હવે અમે પરીક્ષાના ડરથી અને ચિંતાથી મુક્ત છીએ.
6. Thank you પ્રધાન મંત્રી સાહેબ આપે અમને પરીક્ષા માટે ખૂબ સારું વાતાવરણ પૂરું પાડ્યું .
7. Thank you પ્રધાન મંત્રી સાહેબ આપ અમારી આટલી બધી કાળજી લો છો તે માટે.
8. નજીકના સમય માં અમારી પરીક્ષા આવે છે જેના માટે અમે ખૂબ સારી તૈયારી કરી છે.
9. માન. વડાપ્રધાનશ્રી ની કક્ષાએથી અમારી ચિંતા કરો છો તે બદલ આપનો ખૂબ ખૂબ આભાર.

આપના જિલ્લા માથી કેટલા પરીક્ષાર્થી એ ફોર્મ તથા વિડીયો અપલોડ કરેલ છે, તેની માહિતી તારીખ : 15/04/2025 સુધી અત્રેની કચેરીના mail id- rekhachudasama.po.gscpcr@gmail.com પર મોકલી આપવા જણાવવામાં આવે છે.

## પરીક્ષા પર્વની માહિતી

| ક્રમ નંબર | જિલ્લાનું નામ | વિડીયો અપલોડ કરેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | પ્રાથમિક વિભાગ | માધ્યમિક વિભાગ | શાસનાધિકારી કચેરી |
| | | | | |

સચિવ
ગુજરાત રાજ્ય બાળ
અધિકાર સંરક્ષણ આયોગ,
ગાંધીનગર.

Gujarat State Commission for Protection of Child Rights
Block No.19, 3rd Floor, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar
E-mail: sec-gscpcr@gujarat.gov.in